## (1) PASSEX નામની કવાયત વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તાજેતરમાં ભારતે યુ.એસ. સાથે આ કવાયત કરી હતી.

(2) ભારત આ કવાયત માત્ર યુ.એસ. અને જાપાન સાથે જ કરે છે.

(3) યુ.એસ. સોથે આ કવાયત સામાન્ય રીતે, દર વર્ષે જુલાઈ મહિનામાં યોજાય છે.

(4) તાજેતરમાં યોજાયેલી કવાયતમાં યુ.એસ. નેવીના સૌથી મોટા એરક્રાફ્ટ કેરિઅરે ભાગ લીધેલો હતો.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) માત્ર (1) અને (2)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ભારતે યુ.એસ. સાથે **Passage Exercise (PASSEX)** કરી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ કવાયત અંદમાન અને નિકોબાર દ્વિપસમૂહ પાસે યોજવામાં આવી હતી.

⇛ આ કવાયતમાં ભારતના INS શિવાલિક, INS સહ્યાદ્રી, INS કમોર્તા તથા INS રાણાએ ભાગ લીધો હતો. યુ.એસ. તરફથી USS Nimitz તથા અન્ય 3 જહાજોએ ભાગ લીધેલો હતો.

⇛ USS Nimitz એ યુ.એસ. નેવીનું સૌથી મોટું એરક્રાફ્ટ કેરિઅર છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ કવાયત જ્યારે પણ તક મળે ત્યારે યોજવામાં આવે છે અને તે પૂર્વ–આયોજિત હોતી નથી. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ ભારતે આવી સમાન કવાયતો જાપાન નેવી તથા ફ્રેંચ નેવી સાથે પણ કરેલી છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(2) ગ્રાહક સુરક્ષા અધિનિયમ, 2019 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ નવો અધિનિયમ 1 જાન્યુઆરી, 2020થી લાગુ થયેલો છે.
(2) આ અધિનિયમ દ્વારા કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા ઓથોરિટીની સ્થાપના કરવામાં આવી છે.
(3) નવા અધિનિયમમાં ઈ–કમોર્સને લગતાં નિયમો પણ આપવામાં આવ્યા છે.
(4) જિલ્લા સ્તરે રૂ. 50 લાખ સુધીના, રાજ્ય સ્તરે રૂ. 5 કરોડ સુધીના તથા કેન્દ્ર સ્તરે રૂ. 5 કરોડથી વધુના કેસ હાથ ધરવામાં આવશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

સમજૂતી :

⇛ 20 જુલાઈ, 2020 થી નવો ગ્રાહક સુરક્ષા અધિનિયમ, 2019 અમલમાં આવ્યો છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ કાયદો જૂના ગ્રાહક સુરક્ષા અધિનિયમ, 1986ના સ્થાને આવ્યો છે.

⇛ નવા કાયદા મુજબ એક કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા ઓથોરિટી (CCPA)ની સ્થાપના કરવામાં આવી છે જેનો મુખ્ય હેતુ ગ્રાહકોના હકનું રક્ષણ કરવાનો, તેમને પ્રોત્સાહિત કરવાનો તથા આ હકોને લાગુ કરાવવાનો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ કાયદા હેઠળ જ સરકાર દ્વારા ઈ–કમોર્સ અને ગેરવ્યાજબી વેપાર પ્રવૃત્તિઓ વિશેના નિયમોની નોટિફિકેશન બહાર પાડવામાં આવશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ સાથે એક કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા પરિષદ (CCPC)ની પણ સ્થાપના કરવામાં આવશે.

⇛ નવા નિયમો મુજબ જિલ્લા સ્તરે રૂ. 1 કરોડ સુધીના, રાજ્ય સ્તરે રૂ. 10 કરોડ સુધીના તથા કેન્દ્ર સ્તરે રૂ. 10 કરોડથી વધુના કેસ હાથ ધરવામાં આવશે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) ઝોરમ મેગા ફુડ પાર્ક વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ મેગા ફુડ પાર્ક તાજેતરમાં મેઘાલયમાં કાર્યરત્ થયું છે.
(2) તે પૂર્વોત્તર ભારતનું પ્રથમ મેગા ફુડ પાર્ક છે.
(3) આ ફુડ પાર્કની સ્થાપના 'ડેવલપ ઈન નોર્થ–ઈસ્ટ' કાર્યક્રમ હેઠળ કરવામાં આવી છે.
(4) આ ફુડ પાર્ક પૂર્વોત્તર ભારતને વિશ્વનું 'ઓર્ગેનીક ડેસ્ટીનેશન' બનાવવામાં સહાયકારી થશે.

(A) માત્ર (1), (3) અને (4)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (2)
(D) માત્ર (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ મિઝોરમમાં ઝોરમ મેગા ફુડ પાર્ક કાર્યરત્ થયું છે. તે મિઝોરમનું પ્રથમ ફુડ પાર્ક છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ ફુડ પાર્કની સ્થાપના 'મેગા ફુડ પાર્ક' યોજના હેઠળ કરવામાં આવી છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આસામમાં અગાઉ 'નોર્થ–ઈસ્ટ મેગા ફુડ પાર્ક'ની સ્થાપના કરવામાં આવી હતી. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ ફુડ પાર્ક દ્વારા પૂર્વોત્તર ભારતને વિશ્વનું 'ઓર્ગેનીક ડેસ્ટીનેશન' બનાવવામાં મદદ મળશે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ ફુડ પાર્કની સ્થાપના 55 એકરની જમીનમાં 75.20 કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવી છે.

⇛ ખાદ્ય પ્રસંસ્કરણ મંત્રાલય હેઠળ વર્ષ 2008-09માં મેગા ફુડ પાર્ક યોજના લોંચ કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) NFRA નામની સંસ્થા વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) તેનું પૂરુંનામ નેશનલ ફાયનાન્સીયલ રિપોર્ટીંગ ઓથોરિટી છે.

(2) તેની સ્થાપના કંપની અધિનિયમ, 2013 હેઠળ કરવામાં આવેલી છે.

(3) તે એક પ્રકારની થિંક ટેંક તથા સલાહકારી સંસ્થા છે. તેની પાસે રેગ્યુલેશનને લગતી સત્તા નથી.

(4) તેના બંધારણમાં વધુમાં વધુ 4 સભ્યો તથા 1 ચેરપર્સન હોય છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) માત્ર (2) અને (3)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ NFRAનું પૂરુંનામ નેશનલ ફાયનાન્સીયલ રિપોર્ટીંગ ઓથોરિટી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ પંજાબ નેશનલ બેંકમાં થયેલાં કૌભાંડ બાદ ઓડિટરો તથા ICAI (ઈન્સ્ટીયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા) સામે પ્રશ્નો ઊભા થયા હતાં. આથી, NFRAની સ્થાપના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

⇛ તેની સ્થાપના વર્ષ 2018માં કંપની અધિનિયમ, 2013 હેઠળ કરવામાં આવેલી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તે એક ઓડીટ રેગ્યુલેટર છે. તે તેના કાર્યક્ષેત્રમાં આવતી કંપનીઓનું ઈન્વેસ્ટીગેશન કરવાની સત્તા ધરાવે છે તથા દંડની જોગવાઈ પણ કરી શકે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ તેના બંધારણમાં એક ચેરપર્સન તથા વધુમાં વધુ 15 સભ્યો હોય છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) T-90 ટેંક વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ ટેંક મૂળ રશિયાની છે.
(2) આ ટેંક મેદાની તથા રણ વિસ્તારમાં કાર્ય કરી શકે છે. પરંતુ બરફવાળા વિસ્તાર (દા.ત. લદ્દાખ, કાશ્મીર)માં કાર્ય કરી શકતી નથી.
(3) તાજેતરમાં રક્ષા મંત્રાલયે આ ટેંક માટે 'Mine Plough' ખરીદવાનો નિર્ણય કર્યો છે.
(4) આ 'Mine Plough' દ્વારા વિસ્ફોટ ક્ષેત્ર (Minefield)ને સાફ કરી શકાય છે જેથી માણસ તથા યંત્ર સમક્ષનું જોખમ ઘટી શકે છે.

(A) માત્ર (2), (3) અને (4) (B) માત્ર (1)
(C) માત્ર (1), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ તાજેતરમાં રક્ષા મંત્રાલયે T-90 ટેંક માટે 1512 જેટલાં 'Mine Plough' ખરીદવાનો નિર્ણય કર્યો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ T-90 ટેંક રશિયાઈ મૂળની છે તથા તે ભારતીય સૈન્યની મુખ્ય બેટલ ટેંક છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ભારતીય સેનાએ આ ટેંકને તાજેતરમાં ગલવાન વેલીમાં મૂકેલી છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ Mine Plough દ્વારા વિસ્ફોટ ક્ષેત્રને સાફ કરી શકાય છે જેથી માણસ તથા યંત્ર સમક્ષનું જોખમ ઘટે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ ઉપરાંત આ Mine Plough દ્વારા ટેંકની ગતિશીલતામાં પણ વધારો થાય છે.

⇛ ઉપરોક્ત નિર્ણય દ્વારા 'મેક ઈન ઈન્ડિયા'ને પણ પ્રોત્સાહન મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT